Extra No. 126

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **SATURDAY, MAY 2, 2026 / VAISAKHA 12, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો:

૧. અધિક ચીટનીશ શાખા, સદર કચેરીના પત્ર નં.એલએક્યુ/અભાપુર/વશી/૪૪૫/૧૮, તા.૦૫/૦૪/૨૦૧૮

૨. નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠાના પત્ર ક્રમાંક:બ/પરચ/પોળો/૧૩/૧૯૦-૯૨/૨૦૨૬-૨૭, તા.૧૩/૦૪/૨૦૨૬

૩. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ (BNS)ની કલમ-૧૬૩

આદેશ:-

નં.ડીસી/પીઓએલ/પોળો જંગલ/વાહન પ્રતિબંધ/જાહેરનામું/વશી/૬૦૭/૨૦૨૬ - આમુખ-૧ની વિગતે સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પ્રવાસન ધામ પોળો ફોરેસ્ટ ખાતે શારણેશ્વર મંદિર પાસે પ્રવાસીઓની સુવિધા વધારવા પગલા લેવા બાબતના ભાગરૂપે પોલ્યુશન ફ્રી ઈકો ટુરીઝમ માટે ટુ-વ્હીલર સિવાયના તમામ વાહનો ફોરેસ્ટ નાકાથી બહાર પાર્ક કરી મોટા વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આમુખ-૨થી નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા ધ્વારા પોળો વિસ્તારના શારણેશ્વર મંદિરના "ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ ઉપર ચાર પૈડા અને તેથી ભારે વાહનો પર પ્રતિબંધ મુકવા જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જેથી પોળો જંગલમાં વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

મોજે-અભાપુર, તા-વિજયનગર, જિ-સાબરકાંઠાના ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ

જાહેરનામાનો પ્રતિબંધ

મોજે-અભાપુર, તા-વિજયનગર, જિ-સાબરકાંઠાના ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ પર ટુ-વ્હીલર સિવાયના તમામ ફોર વ્હીલર કે તેનાથી ભારે વાહનો ઉપર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા. ૦૩/૦૫/૨૦૨૬ થી તા.૦૧/૦૭/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ અપવાદ

ઉક્ત પ્રતિબંધ સ્થાનિક રહીશોના પોતાની માલિકીના વાહનો તેમજ સરકારી વાહનો/સરકારી કામે રોકાયેલ વાહન, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા ઉપયોગમાં લેવાતા સાધનો જેવા કે એમ્બ્યુલન્સ, અગ્નિશામક વાહન, દિવ્યાંગો તથા શારીરીક રીતે ખોડ-ખાંપણ ધરાવતી વ્યક્તિઓ વિંગેરેને લાગુ પડશે નહીં.

"જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ"

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્ટપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, ઉક્ત જાહેર વિજ્ઞપ્તિના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના વન અધિનિયમ ૧૯૨૭ની કલમ ૨૬. તથા તેની અંતર્ગત કલમો હેઠળની જોગવાઈઓમાં દર્શાવેલી શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેર હુકમની વ્યક્તિગત રીતે બજવણી શક્ય ન હોઈ એક તરફી ફરમાવવામાં આવે છે અને સંબંધિત તંત્ર ધ્વારાં જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આજ તા. ૨૯મીએપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

આદેશ:

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦ ૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું

નં.:ડીસી/પીઓએલ-૨/પરીક્ષા/જાહેરનામું/વશી/૬૧૨/૨૦૨૬ - સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (National Testing Agency) વાર) NEET (UG) 2026 પરીક્ષા તા.૦૩/૦૫/૨૦૨૬ના રોજ યોજાનાર જિલ્લાની ભૌગોલીક પરિસ્થિતિને ધ્યાને લેતાં અત્રેના જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવતી વિવિધ શાળાઓ/કોલેજો ખાતે લેવાનાર પરીક્ષા સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, તેમજ વિશ્વસનીયતાનું વાતાવરણ સર્જાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષા સંચાલકો સરળતા થી ફરજ બજાવી શકે અને પરીક્ષાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે તે હેતુસર તેમજ વિજ પુરવઠો અવિરત ચાલુ રહે તે માટે જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળોએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું તા.૦૩/૦૫/૨૦૨૬ના રોજ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ રાત્તાની રૂએ હુકમ કરું છું કે -

પ્રતિબંધિત વિસ્તાર અને સમય

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર NEET (UG) 2026 પરીક્ષા યોજાનાર હોઈ તા.૦૩/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૧૨:૦૦ કલાક થી સાંજના ૦૬:૦૦ કલાક સુધી નીચેની સુચનાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

પ્રતિબંધિત કૃત્યો

(૧) સાબરકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ, સેલ્યુલર ફોન,પેજર,કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટવોચ કે સ્માર્ટપેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીક્સ ગેઝેટસ અને અનઅધિકૃત લેખન સામગ્રી સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાના કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ ભેગું થવું નહી કે સૂત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે બીજા અન્ય પદાર્થ લઈ જવા નહીં.

(૩) પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં પરીક્ષા સમયગાળા સુધી ઝેરોક્ષ કે અન્ય કોપીયર મશીન ચાલુ રાખી શકાશે નહીં.

(૪) પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં પરીક્ષા રામય દરમ્યાન કેન્દ્રમાં સંભળાય તે રીતે માઈક/ મ્યુઝીક વગાડી શકાશે નહી.

(૫) પોલીસ અધિકારી/કર્મચારીના સગા અથવા સંતાનો તેઓને સોંપાયેલ પેટાકેન્દ્ર ખાતે પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તો તે સ્થળે તેઓ બંદોબસ્તની ફરજ બજાવી શકશે નહીં.

(૬) પોલીસ કર્મચારીઓ કોઈ અઘટિત ઘટના બને તે સિવાય પરીક્ષા કેન્દ્રના મકાનની અંદર જઈ શકશે નહીં.

(૭) પરીક્ષા કેન્દ્રોના કેમ્પસની અંદર પરીક્ષાની કામગીરી માટે નિમાયેલ અધિકૃત સ્ટાફ તથા પરીક્ષાર્થીઓ સિવાય અન્ય અનઅધિકૃત વ્યકિતઓ માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

(૮) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાય નહી તે માટે પરીક્ષાના દિવસે ખોદકામ(Digging) કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

અપવાદ :

પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલ અધિકારીઓ/ કર્મચારીઓ તેમનો માન્ય અધિકૃત મોબાઈલ ફોન પરીક્ષા કેન્દ્રમાં લઈ જઈ શકશે, પરંતુ આવો મોબાઈલ ફોન પરીક્ષા ખંડની અંદર કે પરીક્ષા ખંડની બહારની લોબીમાં લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી. આકસ્મિક કામગીરી સાથે સંકળાયેલ વ્યક્તિઓ પરીક્ષા કેન્દ્રના સંકુલમાં પ્રવેશવા માટે સક્ષમ ઓથોરીટીની મંજુરીથી પ્રવેશ કરી શકશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટ વોચ કે સ્માર્ટ પેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેક્ટ્રોનીકસ ગેઝેટસ, અનઅધિકૃત લેખન સામગ્રી જેવા સાધનો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ આદેશનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ રાજા/દંડને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં દેખી શકાય તે રીતે નકલો ચોટાડીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રમાં પ્રસિદ્ધ કરીને કરવી.

આજ તા. ૨૯મીએપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો :-

૧. નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરના પત્રનં.બ/પરચ/પોળો/૧૩/૧૮૭-૮૯/૨૦૨૬-૨૭, તા.૧૩/૦૪/૨૦૨૬.

૨. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને.૨૦૨૩ની કલમ-૧૬૩.

આદેશે

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું

ન:ડીસી/પીઓએલ/પોળો જંગલ/પ્લાસ્ટીક પ્રતિબંધ/જાહેરનામું/વશી/૬૦૮/૨૦૨૬ - સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પૌરાણિક જંગલોમાં ૧૪ જેટલા પૌરાણિક લાખેણા જૈન મંદિર તથા શારણેશ્વર મંદિર પુરાતત્વ મંદિરો આવેલ છે, જેના ટુરીઝમ વિકાસ માટે ટુરીઝમ કોર્પોરેશન ગુજરાત સરકાર તથા વન વિભાગ ધ્વારા ઈકો ટુરીઝમ સેન્ટરના વિકાસની કામગીરી કરવામાં આવે છે. આથી ગુજરાત રાજયમાં ખ્યાતિ વધતા સદર વિસ્તારમાં સતત પ્રવાસીઓનો વધારો થાય છે.

પ્રવાસીઓ પોતાની સાથે નાસ્તા અને અન્ય ચીજવસ્તુઓ લઈને પોળોના જંગલમાં આવે છે. તેમાં મોટા ભાગે પ્લાસ્ટીક બેગનો ઉપયોગ થાય છે. આથી પોળો જંગલોમાં પ્લાસ્ટીકના ઉપયોગથી પર્યાવરણ તેમજ વન્ય પ્રાણીઓને ઘણું નુકશાન થાય છે. જેથી સદર વિસ્તારને પ્લાસ્ટીક મુકત કરવા જરૂરી જાહેરનામું બહાર પાડવા નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગર ધ્વારા સંદર્ભ-(૧)થી દરખાસ્ત રજુ થયેલ છે. જેથી પોળો જંગલ વિસ્તારમાં પર્યાવરણ તથા વન્ય પ્રાણીઓને થતુ નુકશાન અટકાવવા પ્લાસ્ટીકના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના પ્રતિબંધો લાદવા આથી હુકમ કરૂ છુ.

'જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર"

મોજે.વિજયનગર, શારણેશ્વર ચેકપોસ્ટ થી આગળ લાગુ થતુ સમગ્ર પોળો જંગલ

"જાહેરનામાનો પ્રતિબંધ"

જાહેરનામાના ઉકત પ્રતિબંધિત વિસ્તારમાં સીંગલ યુઝ પ્લાસ્ટીકસ બેગ તથા પ્લાસ્ટીકની તમામ વસ્તુના ઉપયોગ, વેચાણ તથા બહારથી લાવવા પર પ્રતિબંધ

"જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો"

આ હુકમ તા.03/૦૫/૨૦૨૬ થી તા.૦૧/૦૭/૨૦૨૬ સુધી(બંને દિવસો સહિત)૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

"પ્રચાર-પ્રસાર"

નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરએ પ્રાદેશિક અધિકારીશ્રી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, હિંમતનગરના સંકલનમાં રહી "ઈકો ફ્રેન્ડલી'નું મહત્વ સમજાવવા પ્રચાર પ્રસાર કરવો.

' જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ "

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં ઉકત જાહેર વિજ્ઞપ્તિના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના વન અધિનિયમ ૧૯૨૭ નો કલમ ૨૬ તથા તેની અંતર્ગત કલમો હેઠળની જોગવાઈઓમાં દર્શાવેલી શિક્ષાાને પાત્ર ઠરશે.

આ જાહેર હુકમની વ્યકિતગત રીતે બજવણી શકય ન હોઈ એક તરફી ફરમાવવામાં આવે છે અને સંબંધિત તંત્ર ધ્વાર જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવશે ?

આજ તા. ૨૯મીએપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:45:32 IST